પરિશિષ્ટ : ૧

દ્વિતીય

વિવિધાસંચાર

સંપાદક : ડૉ. પુંડલિક પવાર

સપ્ટેમ્બર-ફેબ્રુઆરી ૨૦૧૪	
વર્ષ	અંક
૪-૫	૧૬-૧૭

અનુક્રમ

(સમકાલીન ગુજરાતી ટૂંકીવાર્તા : વિશેષાંક)

૧.	સમકાલીન ગુજરાતી ટૂંકીવાર્તા : કેટલાક નિરીક્ષણો - ભરત મહેતા	૦૩
૨.	અનુઆધુનિક ગુજરાતી ટૂંકીવાર્તા (કેટલીક વાર્તાઓ તથા ચાર વાર્તા સંગ્રહો) - ડૉ. સિલાસ પટેલિયા	૨૩
૩.	ગુજરાતી દલિત ટૂંકીવાર્તાની વિવિધ મુદ્રાઓ - ડૉ. કાન્તિ માલસતર	૩૧
૪.	સામુદાયિક લોકજીવનનાં અસ્તિત્વલક્ષી સંઘર્ષની ગાથા : 'આંતર-બાહ્ય' - ઉષા જ. મકવાણા	૩૯
૫.	સંબંધોના પકડદાવ સાથે મનોમંથન રજૂ કરતી વાર્તાઓ : 'અમારું માણસ' - કાનાણી મુકેશ ભૂપતભાઈ	૪૧
૬.	ઝપાટાબંધ વરસતો વરસાદ : મર્મજ્ઞ ભાવકને ભીંજવે એવી કાવ્યમય વાર્તાઓ- બાબુ દાવલપુરા	૪૫
૭.	સમાજની નરી વાસ્તવિકતાનો ચિતાર આપતી વાર્તાઓ 'ગર્ભગાથા'- હેમંત પરમાર	૪૯
૮.	ઉત્તમ વાર્તાઓનું સંપાદન એટલે ૨૦૦૫ની શ્રેષ્ઠ વાર્તાઓ - ડૉ. વિશ્વાન એલ. પટેલ	૫૫
૯.	'ખતવણી' એક અનોખી વાર્તા - વિશ્વનાથ એલ. પટેલ	૫૯
૧૦.	નારી સંવેદના નીતરતી કથાઃ 'મગન સોમાની આશા' - પ્રા.ડૉ. ભારતીબેન એમ. પટેલ	૬૧
૧૧.	માનવ્યનો અહાલેક જગાડતી વાર્તાઃ 'આંધુ' - ખડદિયા મૈત્રેયી	૬૪
૧૨.	'જીવ' વાર્તા જીવથી અજીવ સુધી, એક અભ્યાસ- ભીમજી ખાચરિયા	૬૭
૧૩.	વિલક્ષણ સંવેદનને આલેખતી વાર્તા : 'સમાધાન-જીંદગી સાથે, - ધોરિયા દિલીપકુમાર આર.	૭૩
૧૪.	'પડતર'થી આંતરિક પરિતોષની સફર - પ્રા.પટેલ જલ્પા જે.	૭૭
૧૫.	'બાપાનો છેલ્લો કાગળ' - પટેલ નીતિનકુમાર પ્રભુદાસ	૮૨
૧૬.	ગુજરાતી નવલિકાચયન ૨૦૦૬માંથી પસંદ કરેલ બે વાર્તાઓ વિશેનો મારો અભ્યાસ - ઉમરેઠિયા ઉર્વશી કે.	૮૫
૧૭.	જીવન જીવવાની કળા : જિજીવિષા - બ્રહ્મભટ્ટ હેમલબેન પ્રફૂલભાઈ	૮૯
૧૮.	આયનો - કોશા આચાર્ય	૯૧
૧૯.	'નરક' સમાજને કોરીખાતી અસ્પૃશ્યતાની સમસ્યા- પ્રિ.પ્રદીપ જોષી	૯૪
૨૦.	નારીજીવનની વ્યથા-કથા - માનસિંગ કે. ચૌધરી	૯૭
૨૧.	દલિતોની વેદનાને વાચા આપતી વાર્તા 'નરક' - પ્રા. પદ્મા સી. પટેલ	૧૦૧
૨૨.	નારી જીવનની વેદનાને વાચા આપતી વાર્તા 'વિચ્છેદ' - પ્રા. ગિરીશ ચૌધરી	૧૦૪
૨૩.	'ગો-વર્ધનમહોત્સવ' લોકચેતનાનો આવિસ્કાર અને લોપ - વ્યાસ દિપકકુમાર યોગેશભાઈ	૧૦૮
૨૪.	'જલમટીપ' પિતૃવાત્સલ્યનું અનોખું રૂપ - મૌલિકા એન. પટેલ	૧૧૩
૨૫.	ચંદ્રા શ્રીમાળીની 'દાદરો' વાર્તા મારી નજરે - બાંભણિયા રાજેન્દ્રકુમાર આર.	૧૧૬
૨૬.	'પીઠ' : પ્રતીકોની પારાશીશી - પ્રો. રોહિતકુમાર ડી. કપૂરી	૧૨૨
૨૭.	દશરથ પરમારની વાર્તા 'શલ્યા' - શરીફા વીજળીવાળા	૧૨૪

'વિવિધાસંચાર'માં પ્રકાશિત થતી સામગ્રી સાથે પ્રકાશક-સંપાદક સહમત છે તેવું માની લેવું નહીં. પ્રકાશિત સામગ્રીની તમામ જવાબદારી જે તે લેખના લેખકની જ રહેશે.

૦૧ વર્ષ-૪-૫/અંક-૧૬-૧૭ (સપ્ટેમ્બર-ફેબ્રુઆરી-૨૦૧૪)

૧૩ વિલક્ષણ સંવેદનને આલેખતી વાર્તા: 'સમાધાન-જીંદગી સાથે'

- ઘોરિયા દિલીપકુમાર આર.

ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યક્ષેત્રે 'કુંપળ ફૂટી' જેવી વાર્તા આપનાર આનંદ રાવ લિંગાયત પાસેથી "કંકુ ખર્યું" અને "....ને સૂરજ ઊગ્યો" એવા બે વાર્તાસંગ્રહો અને "....થવા કાળ" નામે નવલકથા મળી છે. તેઓ હાલ અમેરિકામાં રહે છે. તેમના સાહિત્ય સર્જનમાં ભારતીય સંસ્કૃતિ પર પશ્ચિમી સંસ્કૃતિની થયેલી અસરો સ્પષ્ટ રીતે જોઇ શકાય છે.એટલે જ "...ને સૂરજ ઊગ્યો" વાર્તાસંગ્રહના મુખ્ય શીર્ષકની સાથે તેમણે "ઈન્ડો-અમેરીકન જીવન ઉપર આધારિત વાર્તા સંગ્રહ".એવું ઉપ-શીર્ષક આપ્યું છે. અહીં તેમની "....ને સૂરજ ઊગ્યો" સંગ્રહમાં સમાવિષ્ટ 'સમાધાન-જીંદગી સાથે' વાર્તાનો આસ્વાદ કરાવવાનો આશય રાખ્યો છે.

વાર્તામાં દલપતભાઈનો પરિચય આ રીતે આપવામાં આવ્યો છે: "અચ્છા સેવાભાવી ડોક્ટર, વિચારક, કાંઇક અંશે ધાર્મિક પણ ખરા... પૈસે ટકે પણ સુખી" (પૃષ્ઠ નં. ૭૧) દલપતભાઈના બે સંતાનો છે: મોટી શીતલ પચ્ચીસ વર્ષની અને નાનો મેહુલ ત્રેવીસ વર્ષનો. પત્નીનું નામ રેખા છે. સમગ્ર વાર્તા આ ચાર જ પાત્રોની આસપાસ ગૂંથાયેલી છે.

જીવનમાં દરેક વ્યક્તિએ કયાંકને ક્યાંક અને ક્યારેકને ક્યારેક સમાધાન કરવું જ પડે છે. અમુક વ્યક્તિઓ જ્યારે કોઇ સમાધાનો નથી કરી શકતી અને આવેશને વશ થઇ વિચાર્યા વિના કશું પગલું ભરી બેસે ત્યારે તેના ભયંકર પરિણામો આવતા હોય છે. આ વાર્તામાં પણ સમાધાનના અભાવે પાત્રોના જીવનમાં કેવા ભયાનક પરિવર્તનો આવે છે તે વાત કેન્દ્રસ્થાને રહી છે.

વાર્તા છે દલપતભાઈની અને તેમના પરિવારની. ભારતીય સંસ્કાર અને સમાજ વ્યવસ્થામાં બાળકો પર માતા-પિતાનું જે પ્રકારનું નિયંત્રણ હોય છે એવું કશું નિયંત્રણ શીતલ અને મેહુલ પર તેમના માતા પિતાનું રહ્યું નથી. સંપૂર્ણ રીતે સ્વતંત્ર માહોલમાં ઉછરેલ આ બન્ને સંતાનો પોતાના નિર્ણયો જાતે લેવામાં માને છે. મેહુલ તો લગ્ન જેવા અતિસંવેદનશીલ ગણાતાં નિર્ણય બાબતે પણ માતા-પિતાની સલાહ લેતો નથી. માતા-પિતાનો વિરોધ હોવા છતાં પણ કોલેજમાં સાથે ભણનાર જૂલી નામની છોકરી સાથે લગ્ન કરવાનું નક્કી કરી બેઠો છે.

સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે માને વ્હાલો દીકરો હોય છે અને બાપને વ્હાલી દીકરી હોય છે. પણ અહીં પરિસ્થિતિ વિપરીત સર્જાઇ છે. સ્વતંત્ર રીતે જીવન જીવવામાં માનનારી શીતલને માતા માટે જેટલી આદર સત્કારની ભાવના છે તો પિતા માટે તેને તેટલો જ તિરસ્કાર અને આક્રોશ છે, જેનું કારણ પિતા દ્વારા પોતાની માતા રેખાબેનને સતત અન્યાય થતો રહ્યો છે એવું જડ રીતે માનનાર શીતલ પોતે જ છે. શીતલના મનમાં ઘર કરી ગયેલી આ ભાવનાને કારણે તે પિતા દલપતભાઈને દરેક વખતે ધિક્કારે છે, અવગણે છે અને અતિશય ગુસ્સે થાય છે, જેમકે

૧. ઘરે પરત ફરવામાં શા માટે મોડું થયું અને એનું કારણ દલપતભાઈએ પૂછયું ત્યારે શીતલનો જવાબ, "why should I answer all your question? For what? I don't feel like answering you... All right?" (પૃષ્ઠ નં. ૭૨)

૨. મીસીસ ગોકાણી સાથે તમારા અનૈતિક અને અસામાજિક સંબંધો છે એ વાસ્તવિકતાને બકવાસ કહી દલપતભાઇ ઉડાડી દેવાની કોશીશ કરે છે ત્યારે શીતલ કહે છે, "This is not a bakvas. This is the straight

answer... The fact." (પૃષ્ઠ નં. ૭૪)

૩. શીતલ તો ગુસ્સામાં હતી જ પણ દલપતભાઇએ શીતલની વાતને "Shut up" કહી વચ્ચેથી અટકાવવાની કોશિશ કરી ત્યારે શીતલનો ગુસ્સો સાતમાં આસમાને પહોંચી જાય છે. તે કહે છે, "Don't shout and "shut up' me... Let me finish... You have destroyed my faith, honor, dignity and respect for you ... you cheated on my mom ... How can I use the holy word પિતાજી for you !? I am ashamed even to call you *Dad.*" (પૃષ્ઠ નં. ૭૫)

૪. ગુસ્સાથી શીતલ પર કાબૂ મેળવવામાં નિષ્ફળ નીવડેલા દલપતભાઇ સંસ્કારનું બહાનું બતાવી પોતે ચૂપ રહેવાની અને શીતલને ચૂપ કરવાની કોશિશમાં પણ નિષ્ફળ નીવડે છે. સંસ્કાર શબ્દ સાંભળતા જ શીતલ ચૂપ થવાના બદલે વધારે આક્રોશમાં આવી જાય છે. ત્યારે તેના શબ્દો છે, "Dad please.... We are not babies any more. We know a lot more about life now, Don't try to run away from the issue by giving us that *sharam* and *maryada* story." (પૃષ્ઠ નં. ૭૭)

પરિસ્થિતિ જ્યારે વધારે વણસતી લાગી ત્યારે દલપતભાઇ હથિયાર નીચે મૂકી દે છે. પોતાની હાર તેઓ કબૂલી લઇ શીતલે તેમના પર કરેલા બધા આરોપો સ્વીકારી લે છે. તેઓ સ્વીકારી લે છે કે, "I do have relation with other women." (પૃષ્ઠ નં. ૭૭)

દલપતભાઇએ પોતાના પર થયેલા આક્ષેપો નહોતા સ્વીકાર્યા ત્યાર સુધી શીતલ ગુસ્સે થઇ હતી અને સ્વીકારી લે છે ત્યાર પછી પુત્ર મેહુલ પિતાની આમન્યા જાણવતો નથી અને રહી સહી કસર એવું કહી પૂરી કરી નાંખે છે કે, "Sometimes I wonder whether my own fiancee જુલી, your own future પુત્રવધુ જુલી, would be safe around you ! you are that sick Dad..." (પૃષ્ઠ નં. ૭૬)

અહીં એ વાત નોંધવી જોઇએ કે દલપતભાઇને શીતલે જે કંઇ પ્રશ્નો પુછયાં તેનાં સાચા જવાબો તેમણે આપ્યાં છે, તે દલપતભાઇની વિશેષતા છે. સગી દીકરી સામે પોતાના અસામાજિક સંબંધોને સ્વસ્થતાથી સ્વીકારવાની વૃત્તિ દલપતભાઇ કેળવી શક્યા એ તેમનામાં અમેરિકન સંસ્કૃતિના સંસર્ગના કારણે થયેલ પરિવર્તનની ઝાંખી કરાવે છે.

તો બીજી બાજુ આ સઘળો વાર્તાલાપ પૂરો થયો અને છૂટાં પડ્યાં ત્યારે શીતલ અને મેહુલ બન્નેને પોતે કરેલા કર્તૃત્વ માટે પસ્તાવો થવા લાગ્યો, પિતાને દુઃખી કર્યાની ભાવના તેમના શબ્દો વડે વ્યક્ત થાય છે. પોતે કશુંક ખોટું કર્યાનું ભાન તેઓને થાય છે. જુલીને મળ્યાં પહેલા મેહુલ અનેક છોકરીઓ સાથે ફરવા ગયો હતો અને શીતલ પણ પોતાના મિત્રો સાથે ફરવા ગઇ હતી. આ વાતની પરસ્પર બન્નેને ખબર હોવા છતાં, સ્વીકાર્ય હોવા છતાં પિતા દલપતભાઇના જીવનમાં મીસીસ ગોકાણી નામની સ્ત્રીને તેઓ શું કામ સ્વીકારી નથી શકતાં ? અમેરિકન સંસ્કૃતિમાં ઉછરેલ શીતલ અને મેહુલ જેવા સંતાનોને પોતાને મુક્ત વાતાવરણમાં જીવવું ગમે છે, પણ તેમના પિતા ભારતીય સંસ્કૃતિને વળગી રહે એવું જ પોતે ઇચ્છે છે. અહીં પશ્ન એ પણ થાય કે, લોકોના વિચારો પરથી દલપતભાઇ જેવા સજ્જન પિતા પર ગંભીર આક્ષેપો મૂકી તેમની સ્વતંત્રતાને ભંગ કરે એ શું ખરેખર વાજબી છે ? છે તો શા માટે અને કેટલા અંશે ?

આખરે દલપતભાઇએ તેમના સંતાનોને આપેલી મુક્તિ જ પોતાના માટે મૃત્યુનું નિમિત્ત બને છે. તેઓ આપઘાત કરે છે. રેખાબેનને આ વાતની જાણ થતાં બન્ને બાળકોને ઠપકો પણ આપે છે અને સાચી હકીકત પણ રેખાબેન જ તેમના સંતાનોને જણાવે છે અને એ પણ જણાવે છે કે તમારા પિતાજીએ જે કંઇ કર્યું એનું કારણ શું હતું. રેખાબેન પોતે લેસ્બિયન વુમન (સજાતીય આકર્ષણ ધરાવતી સ્ત્રી) છે. દલપતભાઇ એ જાણતા હતા

એટલે તેમણે રેખાબેનની સ્ત્રી મિત્ર બ્રેન્ડા સાથેના સંબંધોને પણ રાજીખુશીથી સંમતિ આપી દિધી હતી. પરંતુ આ બધી વાસ્તવિકતાથી બન્ને ભાઇબહેન અજાણ હતા એટલે જ ન ભરવાનું પગલું ભરી બેઠા. દલપતભાઇ પાસેથી ખુલાસાઓ માંગી બેઠા.

એક રીતે જોઇએ તો શીતલે દલપતભાઇ પાસેથી જે ખુલાસાઓ માંગ્યા એ પાછળ સમાજનો હાથ પણ બહુ મોટો ગણાય. શીતલને સમાજના લોકોએ જ મીસીસ ગોકાણી અને દલપતભાઇના સંબંધો વિશેની વાત કરી હતી. એટલે ખરેખર તો દલપતભાઇના મૃત્યુ માટે એકમાત્ર જવાબદાર સમાજને ન ગણાવી શકાય ? દલપતભાઈના પરિવારમાં જે ક્લેશ ઊભા થયા તેના માટે ભીતર તો સમાજની પરપીડન વૃત્તિ કદાચ જવાબદાર હશે. આવા સમાજની માનસિકતા શીતલ અને મેહુલને સમજાવતા રેખાબેન કહે છે કે, "પપ્પાની બાબતમાં સમાજ કદાચ સુખી નહીં હોય. કંઇ નહીં... સમાજને એનો ભોગ ધરાવાઇ ગયો છે" (પૃષ્ઠ નં. ૮૪) જે સમાજના લીધે દલપતભાઇને આપઘાત કરવાનો વખત આવ્યો એ જ સમાજ તેમના funeral વખતે પ્રાર્થના કરવા પણ આવે છે અને બધાંની સામે કહેતા પણ હોય છે કે, "જનાર વ્યક્તિ બહુ સરસ અને નૈતિક હતા." આ છે સમાજ રૂપી સિક્કાની બીજી બાજુ.

ભારતીય સમાજ અને સંસ્કૃતિમાંથી આવવા છતાં રેખાબેન અને દલપતભાઇ વ્યક્તિ સ્વાતંત્ર્યને સ્વીકારી શક્યાં, એકબીજાને સ્વતંત્રતા આપી શક્યા. પરંતુ શીતલ અને મેહુલ અમેરિકન સંસ્કૃતિમાં જ ઉછેર્યા હોવા છતાં અમુક ભારતીય લોકોના કહેવા માત્રથી માતા-પિતાના જીવનની સ્વતંત્રતા વિરુધ્ધ પગલું ભરી બેઠા. એટલે કે દલપતભાઇ અને રેખાબેન કહેવાતી જૂની પેઢીના હોવા છતાં આધુનિક વિચારસરણી અપનાવી શક્યા જ્યારે આધુનિક કહેવાતી પેઢીના બે સંતાનો સંકુચિત થઇ બેઠા અને આધુનિકતા ખોઇ બેઠા !

આ વાર્તામાં પાત્રોના સંવાદો અને ભાષા વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે શીતલ અને મેહુલના તમામ સંવાદો અંગ્રેજી ભાષામાં છે. ગુજરાતી ભાષા આ પાત્રો બોલતાં તો નથી પણ વાંચી પણ શકતાં નથી એ વાતની સાબિતી પિતા દલપતભાઇએ લખેલી sucide note વાંચવાની ક્ષણે મળે છે. sucide note ગુજરાતી ભાષામાં લખાયેલી છે એવું કહી તેઓ રેખાબેનને વાંચવા માટે આપી દે છે. આ પ્રસંગ એ વાતની પણ સાબિતી પૂરી પાડે છે કે વિદેશમાં ઉછરેલ ગુજરાતી યુવાન પેઢીનું ગુજરાતી ભાષા પ્રત્યેનું મમત્વ કેટલું ?

તો આ વાર્તામાંથી પાત્રોના માનસ દ્વારા ભારતીય અને અમેરિકન સંસ્કૃતિ વિશેની પણ થોડી માહિતી મળે છે. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારો સૌથી શ્રેષ્ઠ છે અને અમેરિકન સંસ્કૃતિ તેના મુકાબલે ન આવી શકે એવું ભ્રમ દલપતભાઇને છે. એટલે જ શીતલને સમજાવતી વખતે તેમણે કહેલું કે, "ઇન્ડિયન છોકરીઓના સહવાસમાં રહીને તેમની પાસેથી કોઇ સારા સંસ્કાર શીખવાનું સૂઝે છે તને ?" (પૃષ્ઠ નં. ૭૪) અહીં ભારતીય સંસ્કૃતિને શ્રેષ્ઠ માનતા દલપતભાઇની માનસિકતા પ્રગટે છે તો ભારતીય સંસ્કૃતિની કડવી વાસ્તવિકતા તરફ અંગુલીનિર્દેશ કરતા શીતલ કહે છે કે, "Indian people have the tendency to judge the whole family by the acts of one member of the family. They can not judge an individual separately." (પૃષ્ઠ નં. ૭૫)

સમગ્ર વાર્તામાંથી પસાર થયા પછી મનમાં એક સંવાલ જરૂર થાય કે જે થવાનું હતું એ તો થઇ ગયું પણ દલપતભાઇના મૃત્યુ પાછળ ખરેખર જવાબદાર કોણ ? સીધી રીતે આ સવાલનો કોઇ જવાબ આ વાર્તામાંથી મળતો નથી. પણ આડકતરી રીતે શોધવા જઇએ તો રેખાબેનના આ શબ્દોમાંથી તેનો જવાબ મળી શકે, "...ભવિષ્યમાં કોઇ પણ વ્યક્તિને આ રીતે confront કરો, કોઇના પર આ પ્રકારના આક્ષેપ મૂકો તે પહેલા કુદરતે ઘડેલા એના નિયમો અને માણસે બનાવેલા નિયમો... આ બંને નિયમો વચ્ચે તફાવત ઊંડાણથી સમજી

લેજો." (પૃષ્ઠ નં. ૮૩) મતલબ કે માણસે બનાવેલ નિયમ એમ કહે છે કે સમાજમાં વ્યક્તિએ પરસ્પર વિજાતીય વ્યક્તિઓથી સંબંધો બાંધવા જોઇએ અને એમાં પણ એક સ્ત્રીએ એક જ પુરુષ સાથે અને એક પુરુષે એક જ સ્ત્રી સાથે સંબંધો બાંધવા જોઇએ. પરંતુ કુદરતના નિયમ એમ કહે છે કે રેખાબેન જેવી લેસ્બિયન સ્ત્રીઓ પુરુષો પ્રત્યે નહીં પણ સ્ત્રી પ્રત્યે આકર્ષણ અનુભવતી હોય છે, તો તેમાં કશું ખોટું નથી. આવા સંજોગોમાં દલપતભાઇ જેવા પુરુષો પોતાની પત્નીની સંમતિથી બીજી કોઇ સ્ત્રી સાથે સંબંધો બાંધે તો પણ એમાં કશું જ ખોટું નથી. આ વાસ્તવિકતા આપણને આ વાર્તા સમજાવી જાય છે.

("....ને સૂરજ ઊગ્યો- ઇન્ડો-અમેરીકન જીવન ઉપર આધારીત વાર્તાસંગ્રહ", આનંદ રાવ, પ્રકાશકઃ પોતે, પ્રથમ આવૃત્તિઃ માર્ચ-૨૦૦૪, કિંમતઃ ૭ યુ.એસ. ડોલર)

સાહિત્યવૃત્ત

સંસ્કૃતના પૂર્વ અધ્યાપક અને સંન્યાસી ઋષિરાજ અગ્નિહોત્રીને શ્રદ્ધાંજલિ

નવેમ્બર માસની છઠ્ઠી તારીખે રાયગઢની અગ્નિહોત્ર શાળાના સ્થાપક અને સંન્યાસી ઋષિરાજજીનો દેહોત્સર્ગ થયો. અમદાવાદની બી.ડી. આર્ટસ કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે વર્ષો પૂર્વે તેઓ હતા. તેમજ મોડાસાની આર્ટસ કૉલેજમાં પણ ખંડ સમયના અધ્યાપકરૂપે તેમણે સેવાઓ આપી હતી. ત્યાગવૃત્તિના હોવાને લીધે તેમણે અગ્નિનારાયણની સેવા થઈ શકે અને રાયગઢ થી મોડાસા જવું આવવું ૨૦ કી.મી. હોઈ, સુગમ રહે તેથી અન્યત્ર પૂર્ણકાલીન અધ્યાપક બન્યા નહિ. આમ અગ્નિહોત્રની સેવા જ જીવનમાં તેમણે મુખ્ય માની જેથી સાચા અર્થમાં અગ્નિહોત્રી કહેવાયા. વર્ષો પૂર્વે તેમના પત્નિનું અવસાન થતાં પુત્રશ્રી યોગેન્દ્રભાઈને અગ્હિોત્રની સેવા સમર્પિત કરી પોતે કાંચી કોટીના શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતીની નિશ્રામાં સન્યાસ્ત જીવન સ્વીકાર્યું અને કુટિચક સન્યાસ ગ્રહણ કર્યો હોઈ અનિગ્હોત્ર શાળામાં જ રાયગઢમાં તેઓ રહેતા તેમજ એકાંતવાસ અને સાધનામાં રોકાયેલા હોવા છતાં 'આગ્નેય' નામે કાવ્ય સંગ્રહ ઉપરાંત 'ગીતશંકરમ્' નામે વેદાંત ગીતોનું ગીર્વાણગિરામાં આલેખન કરેલું. તેમણે કાદંબરીના મહાશ્વેતાવૃત્તાંતનું ગુજરાતી અનુવાદનું પુસ્તક પણ આપેલું, જે અનુવાદ કલાના માપદંડરૂપે પ્રસિદ્ધિ પામ્યું હતું. આમ તેમના જીવનમાં અગ્નિહોત્રની ઉપાસના, સંસ્કૃત અધ્યાપન અને સંસ્કૃત કાવ્યનો આલેખન વગેરે મુખ્ય હતા. તેઓનો સંસ્કૃતનો અભ્યાસ અસાધારણ હતો. અંગ્રેજીમાં ગ્રીફિથ વગેરે વેદ પંડિતોના અભિપ્રાયો અને અભ્યાસોનું તેમણે આકંઠનપાન કરેલું તેમજ અંગ્રેજીમાં વેદ વિશેના વક્તવ્યો પણ તેઓ સાહજીક રીતે અસખ્લિત રૂપે આપતા. વેદાધ્યયન કરવા ઉપરાંત નિયમીત વેદપાઠ પણ તેમના જીવનનો અવિભાજ્ય અંગ હતું. આવું દંતકથારૂપ નિઃસ્પૃહજીવન જીવનાર સાચા સંન્યાસીને અશ્રુપૂર્ણ શ્રદ્ધાંજલિ...

ISSN 2250-1479 VIVIDHA SANCHAR

આનંદ શા કારણે અનુભવાય છે એ તપાસતાં કૃતિનું અખિલ સ્વરૂપ નજર આગળ આવશે. કયો વિચાર મૂળથી ફૂલ સુધી શાખા-પ્રશાખામાં ફરતો ઘાટ લેવા પ્રયત્ન કરે છે તે એને જણાશે. જેના પુનઃકલ્પનમાં વિવેચનને સુખ લાગે છે તેના મૂળમાં કયો સર્જક રહસ્યાત્મક ભાવવિચાર પડ્યો છે તે એ શોધી કાઢશે, અને એના રમણીય આવિષ્કારમાં સાહિત્યકારે શી કલા યોજી છે - અથવા એનાથી શી યોજાઈ ગઈ છે - ત એ તપાસશે.

- વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (ઉપાયન)

પરિશિષ્ટ : ૨

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233

Continuous Issue - 17 | April - May 2015

બદલાતાં સંબંધોની વાર્તા 'મીનાક્ષીની મોટેલ'

મોહન પરમાર જેને ગુજરાતી ટૂંકીવાર્તાનું ત્રીજું સ્થિત્યંતર ગણાવે છે એવા અનુઆધુનિકયુગની વાર્તાઓમાં માનવ જીવનના સંબંધોમાં કેવાં પરિવર્તનો આવ્યાં છે એ તપાસવાનો મેં અહીં ઉપક્રમ રાખ્યો છે. એના માટે મેં સંદર્ભ તરીકે આનંદ રાવ લિંગાયતની 'મીનાક્ષીની મોટેલ' વાર્તાને પસંદ કરી છે. આનંદ રાવ લિંગાયતના બીજા વાર્તાસંગ્રહ '...ને સુરજ ઊગ્યો' (૨૦૦૪)માંથી આ વાર્તા લેવામાં આવી છે. આ સંગ્રહની વાર્તાઓમાં મોટાભાગના પાત્રો એવા છે જે જન્મે તો ભારતીય છે, પરંતુ રહે અમેરિકામાં છે. તેમણે ભારતીય સંસ્કૃતિ જોઈ છે, પણ અત્યારે અમેરિકન સંસ્કૃતિ વચ્ચે શ્વાસ લઈ રહ્યા છે. આથી જ આ વાર્તાસંગ્રહના નામાભિધાન કરતી વખતે લેખક આ વાર્તાસંગ્રહને 'ઇન્ડો-અમેરીકન જીવન આધારિત વાર્તાસંગ્રહ' એવું ઉપશીર્ષક આપવાનું પસંદ કરે છે.

આ વાર્તા વિશે વાત કરીએ એ પહેલા એ જોઈ લઈએ કે અનુઆધુનિકયુગ સુધી પહોંચતા ગુજરાતી ટૂંકીવાર્તાઓમાં માનવ સંબંધોમાં કેવાં કેવાં પરિવર્તનો આવ્યા છે. આ રૂપરેખાને ત્રણ વિભાગોમાં વર્ણવી શકાય. ૧. પહેલું સ્થિત્યંતર: આ સમયે માનવ સંબંધો લોહીના તાંતણે બંધાયેલા હતા. પોતાના અને સગા કહી શકાય તેવા પાત્રો અહીં કેન્દ્રમાં હતા. ૨. બીજું સ્થિત્યંતર: આ સમયગાળામાં માનવ સંબંધો સાવ જ તૂટી ગયા. માનવી સાવ જ એકલો પડી ગયો. તે આઉટસાઈડર બની ગયો. નિત્સેએ આ સમયગાળા દરમ્યાન કહેલું કે, **'GOD IS DEATH'** પરંતુ આ ભગવાન એટલે કોણ ? એવો પ્રશ્ન જરૂર થાય. તો એનો જવાબ એ છે કે આ ભગવાન એટલે કોઈ ચોક્કસ ધર્મના દેવી કે દેવતા નહીં, પણ માણસની અંદર રહેલો છે તે ભગવાન મૃત્યુ પામ્યો છે. એટલે જ માણસ આ સમયે સમાજથી, સંસ્કૃતિથી સાવ જ વિખૂટો પડી ગયો. 3. ત્રીજું સ્થિત્યંતર: આ સમયગાળો એટલે ઉપર જણાવ્યું તેમ અનુઆધુનિકયુગ. આ સમયગાળામાં માનવ સંબંધો ફરી સ્થપાયાં. પણ હવે તે લોહીના તાંતણે નહીં પરંતુ લાગણીના તાંતણે બંધાયેલા હતા. આ સંબંધોમાં કોઈ સ્વાર્થ નહોતાં. કોઈ ઈર્ષાભાવ નહોતાં. હતી તો માત્ર લાગણીઓ અને એકબીજા માટે સહાનુભૂતિ. તો આ પ્રકારના બદલાતાં સંબંધોની અને નારી ચેતનાની એક વાર્તા એટલે કે 'મીનાક્ષીની મોટેલ' વિશે વાત કરીએ.

આ વાર્તામાં મુખ્ય ત્રણ પાત્રો છે. મીનાક્ષી પોતે. મીનાક્ષીનો પતિ જતીન અને એક કોલગર્લ તરીકે કામ કરતી જેની નામની સ્ત્રી. વાર્તા આ ત્રણ જ પાત્રોની આસપાસ ગૂંથાયેલી છે. વાર્તાની શરૂઆતમાં જ પુરુષસત્તાક સમાજને લીધે જતીનમાં ઘર કરી ગયેલા વિચારો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. પરદેશમાં ઓછા ભણતરને લીધે જતીનને કોઈ સારી નોકરી મળવી મુશ્કેલ હતી. મોટેલ નાની હતી અને મીનાક્ષી અને જતીન બે માંથી કોઈ એક જ વ્યક્તિ પણ તેને સંભાળી શકે એમ હતું. એટલે જ મીનાક્ષી વિચારતી હતી કે જતીને બીજે ક્યાંક નોકરી કરવી જોઈએ. પણ 'અહમ'ના લીધે જતીન કોઈ લેબરની નોકરી કરવા તૈયાર થતો નથી. બીજો ઉપાય એ હતો કે મીનાક્ષી પોતે ક્યાંક બીજી જગ્યાએ નોકરી કરે. નોકરી કરવા ઘરની બહાર જાય. પણ આ ઉપાય જતીનને મંજૂર નહોતો. મીનાક્ષી બી.એ. પાસ હતી. તેને સારી નોકરી મળી શકે તેમ હતી, પરંતુ જતીનના મનમાં એ જ વિચારો ચાલતાં હતા કે, 'બૈરી બહાર નોકરી કરવા જાય અને હું ઘરમાં બેસી રહું.' (પૃષ્ઠ પર) જતીન જેવા એવા કેટલાંય લોકો છે જેમણે ભારત છોડી દીધું છે અને પરદેશમાં રહે છે. છતાંય આજે પણ હજી સુધી તેઓ એવા વિચારોમાંથી છુટ્યાં નથી કે સ્ત્રી એ કોઈ સાધન નથી કે તમે ધારો તેમ તમે એને વાપરી શકો. આ લોકો આજે પણ એ સ્વીકારવા તૈયાર નથી થતાં કે સ્ત્રી પણ સ્વતંત્ર હોઈ શકે. આ વિચારો જેવા અહીં હતાં તેવાં જ રહ્યાં છે. પરદેશમાં મોકળાશ મળવાથી તેમાં કદાચ થોડો ઘણો વધારો થયો હશે પણ ઘટાડો થયો હોય એવું આ વાર્તા વાંચતા લાગતું નથી.

ભારતીય સંસ્કૃતિના અને સમાજના નામે ભણેલી ગણેલી મીનાક્ષી પર બંધનો મૂકી દેવામાં આવ્યા છે. તે હતાશ થઈ આ બંધનો સ્વીકારી પણ લે છે. હતાશ થઈ ગયેલી મીનાક્ષીના આ વિચારો જોઈએ, "એક તો બૈરાંનો અવતાર... એમાંય પાછું 'વહુ'નું સ્થાન. હંમેશા દબાયેલા રહેવાનું. છતી આવડતે ધણીની પાછળ જ રહ્યાં કરવાનું. છતી શક્તિએ જીવનનો વિકાસ રૂંધ્યા કરવાનો. બુધ્ધિ અને ચાતુર્ય હોવા છતાં જિંદગીને હાથે કરીને કરમાવા દેવાની. ઘરની વહુની જિંદગી હંમેશા ગૌણ જ રહેવાની ! એની શક્તિ અને આવડતની કોઈ કિંમત નહીં ! આ દમનને કેવું સુંદર નામ આપી દેવામાં આવ્યું છે....'વહુની મર્યાદા !'" (પૃષ્ઠ-પર) આ બંધનો સ્વીકાર્યા છતાં પણ મીનાક્ષીના મનમાં વિચારો તો સતત ચાલ્યાં કરે છે અને આ વિચારો જ તેને ઝંપવા પણ દેતાં નથી.

વાર્તાનો દોર આગળ વધે છે. જેમાં જેનીનો પરિચય થાય છે. જેની કોલગર્લ હતી એટલે મીનાક્ષી અને જતીનની મોટેલમાં એ અવારનવાર આવતી રહેતી. તે મીનાક્ષીની નિયમિત ઘરાક હતી. વાર્તામાં કહેવાયું છે તેમ 'ધંધા'માટે એ રૂમ ભાડે રાખતી. મીનાક્ષીના વિચારો જતીન જેવા હલકાં નહોતાં. એટલે એ જેની પ્રત્યે ક્યારેય હીનભાવથી જોતી નહીં. જેની એને હંમેશા એક સ્ત્રી લાગતી, કોલગર્લ ક્યારેય નહીં. એક દિવસ જેની સાથે અચાનક એક

અણબનાવ બન્યો. જેમાં અમુક લોકો તેનું પર્સ લઈને ભાગી છૂટયાં. એકલી અને હતાશ થઈ ગયેલી જેની મદદ માટે મીનાક્ષીની મોટેલે આવી. મીનાક્ષીએ તેની પરિસ્થિતિ જાણી તેને સહારો આપ્યો. જેની હંમેશા જે રૂમ ભાડે રાખતી એ રૂમ વગર ભાડે જેનીને તેણે આપી દીધો. ઘરમાં હતું તે ગુજરાતી ભોજન પણ જેનીને જમાડ્યું. જેની આથી બહુ ખુશ થઈ. જમતાં જમતાં જેની અને મીનાક્ષી વચ્ચે જે થોડીઘણી વાતચીત થઈ તે વાતચીતમાં જેનીએ પોતાના જીવનની અમુક કડવી વાસ્તવિકતાઓ જણાવી. જેનીએ પોતાના ઉદાહરણ દ્વારા જણાવ્યું કે જીવનમાં જ્યારે કોઈ સહારો ન હોય ત્યારે જીવન જીવવું કેવું કપરૂં લાગે છે. જેનીના માતા-પિતા નહોતા, એ કોણ હતા તે પણ તેને ખબર નહોતી. તેને કોઈ સગાંઓ પણ નહોતાં. કોઈ ઓળખીતું નહોતું. એટલે જેની મીનાક્ષીને આ દ્રષ્ટિએ બહુ નસીબદાર માને છે કે તમે ભારતીયોને પ્રેમાળ પરિવાર હોય છે. મીનાક્ષી અને જેનીની વાતચીત આગળ ચાલે છે તેમાં મીનાક્ષી જેનીને એક બહુ માર્મિક સવાલ પૂછી બેસે છે. જેની તેનો જે જવાબ આપે છે તે જવાબમાંથી જેની જેવી અનેક કોલગર્લના જીવનની વાસ્તવિકતા પ્રગટ થાય છે. આ સવાલ જોઈએ,

"Jenny, even married men come to you...Right ?"
"Ya... Most of them married"
"I wonder why!"

"Because they are sick. They are pervert. They are unfaithful. They us do all kinds of wired thing. If their wives did these things to them at home, these men will kick their wives out. And the same men pay us to do these things. Meena, it's a sick world..." (પૃષ્ઠ – ૫૫) જેનીના છેલ્લા શબ્દો એની અંદર જ સમાઈ ગયા. એ ક્યારેય બહાર નીકળી ન શક્યા. પણ જેની જેટલા શબ્દો બોલી તેમાંથી તેના જીવનની કડવી સચ્ચાઈ પ્રગટ થાય છે. આ બધા સંવાદોમાંથી એ વાત પણ જાણી શકાય છે કે કોલગર્લ જેવા અશ્લીલ ગણાતા વ્યવસાયમાં પણ સ્ત્રીઓ શા માટે જવા મજબૂર થાય છે. જેનીની લાચારી આપણને અહીં આ વાત સમજાવી જાય છે.

બે અઠવાડીયા જેટલા સમય માટે મીનાક્ષીને અચાનક બહાર જવાનું થયું. મીનાક્ષી જે દિવસે પરત ફરી તે દિવસથી એક મહિના સુધી તેને જેની દેખાઈ નહીં. વળી જેની પ્રત્યે હવે વધારે સહાનુભૂતિ હોવાથી તેને જેનીની ચિંતા પણ થવા લાગી. આ ચિંતામાંને ચિંતામાં તે વિચારવા લાગી કે, **'આ જેનીને કોઈએ મારી તો નહીં નાંખી હોય ને ! એના આ વેશ્યાના, પ્રોસ્ટીટ્યુટના, ધંધામાં આ રીતના ખૂન ખરાબા બહુ થાય છે. એ બધું રોજ ટીવીમાં દેખાય છે. આટલી સારી છોકરીને સંજોગોએ કેવા કીચડમાં ફસાવી દીધી છે !'** (પૃષ્ઠ ૫૬)

છ-આઠ મહિનાઓ પછી જેની અચાનક મીનાક્ષીને મળવા આવી. ખરેખર તો તે મીનાક્ષીને **'Good Bye'** કહેવા આવી હતી. કારણ કે તે હવે ટેક્સાસ જવાની હતી. વાતવાતમાં મીનાક્ષીએ જેનીને આવું કરવાનું કારણ પુછ્યું ત્યારે તેની આંખોમાં આંસુ આવી ગયાં. જેનીએ આખી વાત પાછળની કારણભૂત ઘટનાને મીનાક્ષી સમક્ષ કહી સંભળાવી. જેનીએ કહ્યું કે મીનાક્ષી આજથી છ આઠ મહિનાઓ પહેલા ઘરથી બે અઠવાડીયા માટે બહાર ગઈ હતી ત્યારે સમયગાળા દરમ્યાન શું શું બન્યું હતું. આ સમયગાળા દરમ્યાન જેની પોતે જ્યારે એકવખત એકલી આ મોટેલમાં આવી હતી ત્યારે જતીન અને તેના મિત્ર દાને સાથે મળીને તેના પર કેવી રીતે અત્યાચાર ગુજાર્યો હતો. અને એના લીધે જ પોતે પછીથી મીનાક્ષીની મોટેલે આવતી બંધ થઈ ગઈ હતી.

આ બધી કડવી વાસ્તવિકતા જાણ્યા પછી મીનાક્ષીની મનોદશાનું વર્ણન લેખકે આ શબ્દોમાં કર્યું છે, **'ખળખળ ઉકળતા તેલ જેવી જેનીની કરૂણ કથની સાંભળીને મીનાક્ષીનું અંગેઅંગ બળવા માંડ્યુ. એનું હૈયું જાણે ચરરર કરતું તળાઈ ગયું.'** (પૃષ્ઠ ૫૭)

વાર્તામાં આગળ જ્યારે જેનીના પૈસા ચોરી થઈ ગયા હતા ત્યારે તેણે મીનાક્ષીને કહેલું કે, **'Can I ask you a favour ?'**(પૃષ્ઠ ૫૩) પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ છે. અત્યારે મીનાક્ષી જતીનના કુકર્મોની કથની સાંભળ્યા પછી જેની પાસે મદદ માંગે છે. ત્યારે તે પણ કહે છે કે, **'Can you do me a favour ?'** (પૃષ્ઠ ૫૮) પહેલા મદદની જરૂરિયાત જેનીને હતી. હવે મદદની જરૂરિયાત મીનાક્ષીને પડે છે. આ શબ્દો દ્વારા જીવનની નક્કર વાસ્તવિકતા પણ પ્રગટ થાય છે કે જીવન હંમેશા પરિવર્તનશીલ હોય છે. અહીં ચડાવ અને ઉતાર હંમેશા આવ્યા કરે છે. એટલે જ એક પંક્તિ યાદ આવે કે, 'અહીં એકસરખા સુખના દિવસો, કોઈના જાતાં નથી.'

જેની મીનાક્ષીની મદદ કરવા તૈયાર થાય છે. મીનાક્ષી જેનીની સાથે મળી એક પ્લાન બનાવે છે; જેથી જતીનને રંગેહાથ પકડી શકાય. મીનાક્ષી જતીનને એવું કહે છે કે પોતે એક અઠવાડીયા માટે બહાર જવા માંગે છે. એમ કહી પોતે મોટેલમાં જ એક રૂમમાં સંતાઈ જાય છે. અગાઉથી નક્કી કર્યા પ્રમાણે જેની શુક્રવારની સાંજે સાત વાગ્યે આવી પહોંચે છે. રૂમ ભાડે રાખે છે. જતીનને પોતાની તરફ આકર્ષિત કરે છે. જતીનને એમ લાગ્યું કે આ તકનો લાભ ફરીથી લેવો જોઈએ. એટલે તે જેનીના રૂમમાં ગયો. રૂમમાં બેડ પર જેનીની જગ્યાએ મીનાક્ષી સૂતેલી હતી તેને એ વાતની જાણ ન હતી એટલે તેણે ચાદર અચાનક ખેંચી લીધી અને આખરે જતીન રંગેહાથ ઝડપાઇ ગયો.

'દોરી બળે પણ વટ ન છૂટે' એ કહેવત અહીં એ રીતે યાદ આવે કે જતીન સાવ રંગેહાથ ઝડપાઇ ગયો હોવા છતાં દોષનો ટોપલો મીનાક્ષીના માથે ઢોળવાની છેલ્લી કોશિશ કરવામાં પણ તે પાછી પાની કરતો નથી. તે મીનાક્ષીને કહે છે કે, 'સાલી, તું પણ હવે આ ધંધા કરતી થઈ ગઈ ? આ જેનીની સંગતથી તું મોડી વહેલી આ જ કરવાની એની મને ખબર હતી. આજે બરાબર પકડાઈ ગઈ...'(પૃષ્ઠ ૫૯) અહીં પ્રગટ થાય છે પુરૂષસત્તાક સમાજની માનસિકતા. વાર્તામાં બીજી એક જગ્યાએ પણ આ જ પ્રકારનો સૂર જતીનના મોઢે સંભળાય છે. જેની જ્યારે ચોરો વડે લૂંટાય છે અને મીનાક્ષી તેની મદદ કરે છે, તેને જમવાનું આપવા જતી હોય છે ત્યારે જતીન અને મીનાક્ષી વચ્ચેનો આ સંવાદ જૂઓ,

'પેલી જેનીને કોઈ લૂંટી ગયું છે. એને આપી આવું છું."
'હવે એ રંડીને....જૂઠી હોય સાલીઓ.' (પૃષ્ઠ ૫૪)

વાર્તાનો અંત એ રીતે આવે છે કે મીનાક્ષી સામેથી જતીનને છૂટાછેડા આપે છે. અત્યાર સુધી બનતું એ આવતું હતું કે પતિ પોતાની પત્નીને છૂટાછેડા આપતો આવ્યો છે, જ્યારે અહીં મીનાક્ષી જતીનને છૂટાછેડા આપે છે. આ મીનાક્ષીમાં આવેલું પરિવર્તન છે. તેણે લોહીના સંબંધ કરતાં લાગણીના સંબંધને વધારે મહત્વ આપ્યું.

વાર્તામાં આવતા આ વિધાન કે 'જેનીને એણે ટેક્સાસ જતી રોકી અને એક ચર્ચમાં નોકરી તથા ભણવાની વ્યવસ્થા કરી આપી હતી.' (પૃષ્ઠ ૬૦) સામે મને એક પ્રશ્ન એ થાય છે કે જેનીને નોકરી ચર્ચમાં જ શા માટે અપાવવી પડી ? શું હજી સુધી આપણી અને આપણા સમાજની માનસિકતા એટલી નથી બદલાઈ કે એને ચર્ચમાં નહીં પરંતુ સમાજમાં જ સ્થાન આપી શકાય ?

વાર્તામાં જેનીના મુખે બોલાયેલા શબ્દો અંગ્રેજી ભાષામાં છે, જેથી વાચકને ખ્યાલ આવી જાય છે કે જેની એ મૂળ ભારતીય નથી પરંતુ પશ્ચીમી સંસ્કૃતિમાં ઉછરેલી સ્ત્રી છે.

સમગ્ર વાર્તામાંથી પસાર થતાં એ વાત પણ સમજાય છે કે આજની સ્ત્રી સ્વતંત્ર છે. એને એકલું રહેવું પડે તો તે એકલી રહી શકે છે એ વાતની પ્રતીતિ અહીં આપણને મીનાક્ષીના પાત્ર વડે થાય છે. આજની સ્ત્રી કોઈપણ પ્રકારના અનાચાર કે અત્યાચાર સહન કરવાની નથી; આ અનાચાર અને અત્યાચાર ભલેને પછી બીજા કોઈ પુરુષ દ્વારા નહીં પણ પોતાના પતિ દ્વારા જ થતાં હોય તો પણ તે હવે આ બધા અનાચાર અને અત્યાચારો સામે મક્કમ બનીને સામનો કરવા તૈયાર ઊભી છે, મીનાક્ષીની જેમ જ.

[.... ને સોરજ ઊગ્યો(ઇન્ડો-અમેરીકન જીવન ઉપર આધારીત વાર્તા સંગ્રહ), લેખક અને પ્રકાશક : આનંદ રાવ, પ્રથમ આવૃત્તિ: માર્ચ ૨૦૦૪, કિંમત: 7.00 યુ.એસ. ડોલર]

****

ધોરીયા દિલીપકુમાર આર.
યુ.જી.સી. નેટ. રીસર્ચ ફેલો(પીએચ.ડી.),
ગુજરાતી વિભાગ, આર્ટ્સ ફેકલ્ટી,
ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા,
વડોદરા-૩૯૦૦૦૨.

PREVIOUS INDEX NEXT

Copyright © 2012 - 2015 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat
Home | Archive | Advisory Committee | Contact us